માદરે વતન યોજના, ડીઝીટલ સેવા સેતુ
તથા ગુજરાત ઈલેક્ટ્રીક વ્હીકલ પોલીસી-
૨૦૨૧ ના સૂચારૂ અમલીકરણ તેમજ
ગ્રામ્ય લોકોને પ્રોત્સાહિત કરવા માટે
ગ્રામ્ય કોમ્પ્યુટર સાહસિકને કામગીરી
સોંપવા અંગે.

ગુજરાત સરકાર
પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ
પરિપત્ર ક્રમાંક : એમવીવાય/૧૦૨૦૨૦ /૫૨૯૦૦૭ /લ(પાર્ટ-૨)
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૩/૦૭/૨૦૨૧

**વંચાણે લીધા:**

(૧) વિભાગના તા.૧૮/૦૮/૨૦૨૦ ના ઠરાવ ક્રમાંક: એમવીવાય/૧૦૨૦૨૦/૨૭૩૨૧૫/લ

**પરિપત્ર:-**

રાજ્ય સરકારશ્રી દ્વારા ગામડાઓમાં વધુ સારી માળખાકીય સુવિધાઓ ઉભી કરવા વંચાણે લીધેલ આ વિભાગના તા. ૧૮/૦૮/૨૦ ના ઠરાવથી માદરે વતન યોજના અમલમાં મુકવામાં આવેલ છે. આ યોજનાના સુચારૂ અમલીકરણ બાબતે સરકારશ્રી તેમજ વિકાસ કમિશ્નર દ્વારા વખતો વખત સૂચનાઓ આપવામાં આવેલ છે. આ યોજનાનો મુખ્ય ધ્યેય ગામનો વિકાસ ગામના લોકો દ્વારા થાય અને તેમાં સરકારશ્રી સહભાગી થાય તેવો છે. આ ધ્યેયને ચરિતાર્થ કરવા આ યોજના હેઠળ ગામમાં સમયની સાથે વિકાસની સતત પ્રક્રિયાને ધ્યાને લઈ હજુ પણ ગ્રામ્ય વિસ્તારમાં નવતર વિકાસના કામો કરવા ગામમાં જરૂરી આવશ્યક ક્યા કામની આવશ્યકતા છે તે અંગે જે તે ગામની પરિસ્થિતિનો તાગ મેળવવો જરૂરી છે.

રાજ્ય સરકારશ્રીની તમામ સેવાઓ પૈકીની ૫૫(પંચાવન) સેવાઓ ડીઝીટલ સેવા સેતુ મારફત ગ્રામજનોને પૂરી પાડવામાં આવે છે. આ સેવાઓ ગ્રામજનો દ્વારા મેળવવા માટે VCE નો સંપર્ક કરે ત્યારે તાત્કાલીક સેવા તેમને મળી રહે તે મુજબની અમલવારી અસરકારક અને કાર્યક્ષમ રીતે થાય તે જરૂરી છે.

વધુમાં હાલમાં જ ગુજરાત ઈલેક્ટ્રીક વ્હીકલ પોલીસી-૨૦૨૧ ની મહત્વપૂર્ણ જાહેરાત માન. મુખ્યમંત્રીશ્રીએ કરેલ છે. જે અન્વયે ગામડાઓમાં પણ આ પોલીસીની વધુમાં વધુ લોકોને જાણકારી આપવાની જરૂરિયાત ધ્યાને લઈને રાજ્ય સરકારની ઈ-ગ્રામ વિશ્વગ્રામ યોજના હેઠળ ગ્રામ્ય

કક્ષાએ કામગીરી કરતા ગ્રામ્ય કોમ્પ્યુટર સાહસિક(VCE) ગ્રામ્ય લોકો સાથે સીધી રીતે સંકળાયેલ હોઈ ઉપરની ત્રણેય યોજનાઓના સુચારૂ અમલીકરણ માટે ગ્રામ્ય લોકોને પ્રોત્સાહિત અને માહિતગાર કરવા માટે ગ્રામ્ય કક્ષાએ ગ્રામ્ય કોમ્પ્યુટર સાહસિક(VCE)ની સેવાઓની આવશ્યકતા હોઈ ગ્રામ્ય કોમ્પ્યુટર સાહસિક(VCE)ને નીચેની વિગતે કામગીરી કરવા આથી સૂચના આપવામાં આવે છે.

(૧)જે તે ગામની આંતરમાળખાકીય સુવિધાઓ, નાગરિકો માટેની સામાન્ય સુવિધાઓ તથા યોજનામાં જણાવેલ સુવિધાઓ વગેરે વિકાસલક્ષી કામોની સર્વેક્ષણ કરીને તે અંગેનો કાર્યયોજના(એક્શન પ્લાન) સૂચવવાનો રહેશે અને તે અંગેની માહિતી ગામબહાર રહેતા ગ્રામલોકોને પૂરી પાડીને ગામમાં જરૂરી કામો પૈકી કયા પ્રકારનું કામ કરવા તૈયાર છે તેની વિગત મેળવવાની રહેશે.

(૨)રાજ્ય સરકાર દ્વારા ગુજરાત ઈલેક્ટ્રીક વ્હીકલ પોલીસી-૨૦૨૧ ની જાહેરાત કરવામાં આવેલ છે. જે ધ્યાને લેતા ગામડું પણ પ્રદૂષણ મુક્ત થાય અને ગામડાનો વ્યકિત ઈ-વ્હીકલ ખરીદી તેનો ઉપયોગ વધારેમાં વધારે કરે તે માટે તેમને પ્રોત્સાહિત કરવાના રહેશે.

(૩)રાજ્ય સરકારશ્રીની તમામ સેવાઓ પૈકીની ૫૫(પંચાવન) સેવાઓ ડીઝીટલ સેવા સેતુ મારફત ગ્રામજનોને પૂરી પાડવામાં આવે છે. આ સેવાઓ ગ્રામજનો દ્વારા મેળવવા માટે VCE નો સંપર્ક કરે ત્યારે તાત્કાલીક સેવા તેમને મળી રહે તે મુજબની કાર્યવાહી VCEએ કરવાની રહેશે.

ગ્રામ્ય કોમ્પ્યુટર સાહસિક(VCE) દ્વારા ઉક્ત કામગીરી અંગેનો અહેવાલ સંબંધિત તલાટી કમ મંત્રી દ્વારા પ્રમાણિત કરાવીને સંબંધિત તાલુકા વિકાસ અધિકારીશ્રી મારફત જિલ્લા વિકાસ અધિકારીશ્રીને દર માસે મોકલી આપવાનો રહેશે. જે ગ્રામ્ય કોમ્પ્યુટર સાહસિક(VCE)ની કામગીરી સર્વશ્રેષ્ઠ હશે તેવા (૦૩) ત્રણ ગ્રામ્ય કોમ્પ્યુટર સાહસિક(VCE)ને નીચે મુજબ પ્રોત્સાહક ઈનામ આપવાનું પણ આથી નક્કી કરવામાં આવે છે.

| કક્ષાની વિગત | પ્રથમ ઈનામ | દ્રીતીય ઈનામ | તૃતીય ઈનામ |
|---|---|---|---|
| તાલુકા કક્ષાએ | રૂ.૧૧૦૦૦/- | રૂ.૫૦૦૦/- | રૂ.૨૫૦૦/- |
| જિલ્લા કક્ષાએ | રૂ.૨૫૦૦૦/- | રૂ.૧૫૦૦૦/- | રૂ.૧૦,૦૦૦/- |
| રાજ્ય કક્ષાએ | રૂ.૧૫૦૦૦૦/- | રૂ.૧૦૦૦૦૦/- | રૂ.૫૦,૦૦૦/- |

ઉપરની કામગીરી સફળતાપૂર્વક થાય તે સુનિશ્ચિત કરવા આથી તમામ ગ્રામ્ય કોમ્પ્યુટર સાહસિક(VCE)ને જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(નરેન્દ્ર વાઘેલા)
ઉપસચિવ(ગૃ.નિ.)
પંચાયત, ગ્રા. ગૃ. નિ. અને ગ્રા. વિ. વિભાગ

નકલ રવાના:-

- અંગત સચિવશ્રી, માન.રા.ક.મંત્રીશ્રી(પંચાયત), સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અંગત સચિવશ્રી, અધિક મુખ્ય સચિવશ્રી(પંચાયત)નું કાર્યાલય, સચિવાલય,ગાંધીનગર.
- અંગત સચિવશ્રી, અધિક મુખ્ય સચિવશ્રી,બંદરો અને વાહન વ્યવહાર વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
- વિકાસ કમિશનરશ્રી, વિકાસ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગર,
- વિભાગના સર્વે અધિકારીશ્રીઓ, પંચાયત, ગ્રા. ગૃ. નિ. અને ગ્રા. વિ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, જિ. તમામ (વિકાસ કમિશનરશ્રીની કચેરી મારફત)
- પ્રોજેક્ટ મેનેજરશ્રી,ઇ-ગ્રામ વિશ્વ ગ્રામ સોસાયટી, પંચાયત, ગ્રા. ગૃ. નિ. અને ગ્રા. વિ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સીસ્ટમ મેનેજરશ્રી, પંચાયત, ગ્રા. ગૃ. નિ. અને ગ્રા. વિ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- શાખા સિલેક્ટ ફાઈલ